# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 08-08-2025 MIDDAY: 1.20 TO 1.30
Day : FRIDAY National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. વિપક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કામગીરી ખોરંભે.
2. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે વર્ષના અંત સુધીમાં ભારતનો લોજિસ્ટિક્સ ખર્ચ ઘટીને 9 ટકા થશે
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને બિહારના મુખ્યમંત્રી આજે બિહારના સીતામઢીમાં સીતામાતાના ભવ્ય મંદિરનો શિલાન્યાસ કરશે.
4. કુદરતી આપત્તિ ગ્રસ્ત ઉત્તરાખંડના ધરાલીમાં રાહત અને બચાવ કાર્ય પૂરજોશમાં
5. ઇઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે ગાઝા પર કબજો કરવાના પ્રધાનમંત્રી નેતન્યાહૂના પ્રસ્તાવને મંજૂરી આપી

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PAR-ADJOURN

સંસદના બંને ગૃહોમાં આજે પણ વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોનો હોબાળો ચાલુ રહેતા રાજ્યસભા સોમવાર સુધી અને લોકસભા બપોરે 3 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. અગાઉ આજે સવારે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થઈ ત્યારે ભારત છોડો ચળવળ દરમિયાન સ્વતંત્રતા માટે લડનારા સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે, આવતીકાલે, 9 ઓગસ્ટ, ઐતિહાસિક ભારત છોડો ચળવળના 83 વર્ષ થશે જે રાષ્ટ્રની સ્વતંત્રતા માટેના અવિરત સંઘર્ષનું એક નિર્ણાયક પ્રકરણ હતું. તેમણે કહ્યું કે, 1942માં મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ આ ચળવળ બ્રિટિશ સંસ્થાનવાદી શાસનનો અંત લાવવા માટે નિર્ણાયક અને શક્તિશાળી આહવાન હતું.

(બાઇટ –હરિવંશ)

જો કે વિવિધ મુદ્દાઓ અંગે વિરોધ પક્ષોના ભારે શોરબકોર વચ્ચે ગૃહની કાર્યવાહી સોમવાર સુધી મુલતવી રાખવામા આવી હતી.

લોકસભામાં પણ ભારત છોડો આંદોલન દરમિયાન ભારતની સ્વતંત્રતા માટે લડનારા લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સાથે ગૃહના ભૂતપૂર્વ સભ્ય સત્યપાલ મલિકને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. બાદમાં અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો. જોકે, વિપક્ષી સભ્યોએ બિહારમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારા પર ચર્ચાની માંગણી

**કરતા સૂત્રોચ્ચાર કરતાં ગૃહ પ્રથમ 12 વાગ્યા સુધી બાદમાં 3 વાગ્યા સુધી સ્થગિત કરાયું હતું.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GADKARI-CONCLAVE

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ વર્ષના અંત સુધીમાં ભારતનો લોજિસ્ટિક્સ ખર્ચ ઘટીને 9 ટકા થઈ જશે. આજે નવી દિલ્હીમાં એક ખાનગી ન્યૂઝ ચેનલ દ્વારા આયોજિત કોન્ક્લેવમાં બોલતા, શ્રી ગડકરીએ આ ઘટાડાને દેશના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થયેલા નોંધપાત્ર સુધારાને આભારી ગણાવ્યો. મંત્રીએ નોંધ્યું કે લોજિસ્ટિક્સ ખર્ચમાં આ ઘટાડો દેશના નિકાસ ક્ષેત્રને મોટો વેગ આપશે, જેનાથી નિકાસમાં 1.5 ગણો વધારો થવાની સંભાવના છે.

શ્રી ગડકરીએ એમ પણ કહ્યું કે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રનો વિકાસ સરકારની પ્રાથમિકતા છે. તેમણે નોંધ્યું કે આ ક્ષેત્રનો વિકાસ GDPમાં નોંધપાત્ર યોગદાન આપશે.

(BYTE- NITIN GADKARI, CABINET MANTRI)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR - AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે બિહારના સીતામઢી જિલ્લામાં પુનૌરા ધામ ખાતે દેવી સીતાને સમર્પિત ભવ્ય મંદિરનો શિલાન્યાસ કરશે.

બનારસ અને મિથિલાના વિદ્વાનો અને પુજારીઓની દેખરેખ હેઠળ આજે બપોરે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે આ શિલાન્યાસ કરાશે.

પ્રસ્તુત છે એક અહેવાલ...

(વોઇસકાસ્ટ-ધર્મેન્દ્રકુમાર રાય)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## Medical tourism

ગુજરાત સરકાર પ્રવાસન વિભાગની વેબસાઇટ પર અરજીઓ મંગાવીને રાજ્યમાં તબીબી પ્રવાસનને પ્રોત્સાહન આપી રહી છે.

આ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન ભારતમાં તબીબી હેતુ માટે 1 લાખ 31 હજારથી વધુ વિદેશી પ્રવાસીઓનું આગમન થયું છે. કેન્દ્રીય પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી. તેમણે માહિતી આપી કે છેલ્લા

પાંચ વર્ષમાં, બાંગ્લાદેશ તબીબી પ્રવાસીઓના ક્ષેત્રમાં ટોચના સ્થળ તરીકે ઉભરી આવ્યું છે, ત્યારબાદ ઇરાક, સોમાલિયા, ઓમાન અને ઉઝબેકિસ્તાનનો ક્રમ આવે છે. ગયા વર્ષે, કુલ 6 લાખ 44 હજાર 387 લોકો તબીબી હેતુ માટે ભારતમાં આવ્યા હતા. પ્રવાસન મંત્રાલય અનુસાર, તબીબી પ્રવાસનનો વિકાસ અને પ્રોત્સાહન મુખ્યત્વે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર વિવિધ યોજનાઓ અને પહેલ દ્વારા આ પ્રયાસોને આગળ ધપાવી રહી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હીલ ઇન ઇન્ડિયા અભિયાનને પણ પ્રોત્સાહન આપી રહ્યું છે અને તબીબી પ્રવાસન ઇકોસિસ્ટમને વધારવા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપી રહ્યું છે.

---

## RBI-SMALL FINANCE BANK

ભારતીય રિઝર્વ બેંકે AU સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડને યુનિવર્સલ બેંકમાં રૂપાંતરિત કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

યુનિવર્સલ બેંકો રિટેલ, કોમર્શિયલ અને રોકાણથી લઈને વિશાળ શ્રેણીની નાણાકીય સેવાઓ પૂરી પાડે છે. 2015 માં સ્મોલ ફાઇનાન્સ બેંક લાઇસન્સ મેળવ્યા પછી, AU ફાઇનાન્સિયર્સે એપ્રિલ 2017 માં સ્મોલ ફાઇનાન્સ બેંક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. AU સ્મોલ ફાઇનાન્સ બેંક પાસે 21 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 2 હજાર 505 થી વધુ બેંકિંગ

**ટચપોઇન્ટનું નેટવર્ક છે. જૂન 2025 ના અંત સુધીમાં, તેનો ગ્રાહક આધાર 1 કરોડ 15 લાખથી વધુ અને કાર્યબળ 53,000 થી વધુ સુધી પહોંચી ગયો છે.**

---------------------------------------------------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# UK RESCUE OPERATION

**ઉત્તરકાશી જિલ્લાના ધરાલીમાં ચોથા દિવસે પણ આપત્તિ અને રાહત કાર્ય ચાલી રહ્યું છે. સેના, એનડીઆરએફ, એસડીઆરએફ અને પોલીસ ટીમો સંપૂર્ણ સતર્કતા સાથે ગુમ થયેલા લોકોને શોધવામાં**

રોકાયેલી છે. આજે સવારે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી.

મુખ્યમંત્રીએ કહ્યું કે હેલી સર્વિસ, એમઆઈ 17 અને ચિનૂક હેલિકોપ્ટરની મદદથી સવારથી જ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચાલી રહી છે. ગંગોત્રી, હર્ષિલ, ઝાલા, જસપુરમાં ફસાયેલા મુસાફરોને સુરક્ષિત રીતે લાવવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સતત ઘટનાની અપડેટ્સ લઈ રહ્યા છે અને કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ મળી રહ્યો છે. બચાવ કાર્યમાં ચિનૂક અને એમઆઈ-17 જેવા એરલિફ્ટિંગ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રાહત સામગ્રી, પીવાનું પાણી, દવાઓ અને ખાદ્યાન્ન હેલિકોપ્ટર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચાડવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-BOGOTA BOOK FAIR

ભારત ૩૮મા બોગોટા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬ માં 'ગેસ્ટ ઓફ ઓનર' દેશ તરીકે ભાગ લેશે. કોલંબિયામાં ભારતીય રાજદૂતે આ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો બંને દેશો વચ્ચે સાહિત્યિક આદાન-

પ્રદાન, ગાઢ સંબંધો અને લોકો-થી-લોકોના જોડાણ માટે સેતુ તરીકે કામ કરશે તેમ ભાર પૂર્વક જણાવ્યુ હતું.

૧૯૮૮થી, કોલંબિયન બુક ચેમ્બર અને કોર્ફેરિયાસ બોગોટા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરી રહ્યા છે. ભારતના રાષ્ટ્રીય પુસ્તક ટ્રસ્ટે આ વર્ષે ૨૫ એપ્રિલથી ૧૧ મે દરમિયાન યોજાયેલા ૩૭મા બોગોટા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં પ્રથમ વખત ભારતના પુસ્તકોનું સામૂહિક પ્રદર્શન પ્રદર્શિત કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ISRAEL-CABINET

ઇઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે ગાઝા શહેર પર કબજો કરવાના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

મંત્રીમંડળે ગાઝામાં યુદ્ધનો અંત લાવવા માટે પાંચ સિદ્ધાંતો પણ અપનાવ્યા છે, જેમાં હમાસને નિઃશસ્ત્ર કરવા, બધા બંધકોને પરત લાવવા, ગાઝાનું લશ્કરીકરણ, ગાઝામાં ઇઝરાયલી સુરક્ષા નિયંત્રણની સ્થાપના અને એક નાગરિક વહીવટની સ્થાપનાનો સમાવેશ થાય છે.

એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઇઝરાયલ સંરક્ષણ દળો-**IDF** યુદ્ધ ક્ષેત્રની બહાર નાગરિક વસ્તીને માનવતાવાદી સહાય પહોંચાડતી વખતે ગાઝા શહેરનો નિયંત્રણ લેવાની તૈયારી કરશે. તેમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા કેબિનેટના મોટાભાગના મંત્રીઓ માને છે કે સુરક્ષા કેબિનેટને સુપરત કરાયેલી વૈકલ્પિક યોજના ન તો હમાસને હરાવી શકશે કે ન તો બંધકોને પરત મેળવી શકશે.

અગાઉ, સંયુક્ત રાષ્ટ્રએ ચેતવણી આપી હતી કે આ ક્ષેત્રમાં ઇઝરાયલ દ્વારા લશ્કરી કાર્યવાહીમાં વધારો પેલેસ્ટિનિયન નાગરિકો તેમજ ઇઝરાયલી બંધકો માટે વિનાશક સાબિત થઈ શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NETANYAHU- SINGH TALKS

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ઇઝરાયલ ખાતેના ભારતના રાજદૂત જે.પી. સિંહ સાથે મુલાકાત કરીને ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના માર્ગો પર ચર્ચા કરી.

સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી નેતન્યાહુએ જણાવ્યું હતું કે આ બેઠકમાં ખાસ કરીને સુરક્ષા અને અર્થશાસ્ત્રના ક્ષેત્રોમાં સહયોગને મજબૂત

બનાવવા અને વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. શ્રી નેતન્યાહુએ વરિષ્ઠ ભારતીય પત્રકારો સાથે વાર્તાલાપ કરીને દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક વિકાસ પર વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

ભારતીય રાજદૂત શ્રી સિંહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા પાઠવીને ભારત અને ઇઝરાયલ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના સકારાત્મક માર્ગને મજબૂત બનાવવાની ખાતરી આપી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .